સત્યમેવ જયતે

સુરત ના મે. ત્રીજા જયુડીશીયલ મેજી. ફ. ક સાહેબશ્રીની કોર્ટમાં,

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ: ૬૬(૧)બી, ૮૫(૧)૩ વિગેરે મુજબના શિક્ષાને પાત્ર ગુનો અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ દ્રારા ચાર્જસીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આજરોજ નાલ્સાના ઉપક્રમે નેશનલ લોકઅદાલતના આદેશ મુજબ આજરોજ સ્પે. સીટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

૩. આરોપી વિરૂધ્ધ ચાર્જ ફ્રેમ કરી પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

૪. આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી એમા જાહેર કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે. અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ., અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનુ કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારૂ તેમજ અમારા કુટુંબનુ ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને તનાવમાં ગુનો થઈ ગયેલ. અમોએ દારૂ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરેલ નથી, ઝધડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશિસ્ત ભાષા વાપરેલ નથી કે મારા મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરૂદ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જસીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યા માત્રનો આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થતિ સારી ન હોય ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર આવવાની જરૂર પડે ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય જે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં અમારો, કોર્ટનો તેમજ નાણાનો વ્યય થાય તેવા ઉદ્વેશથી વિન્રમ માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

૪.૧ આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવે છે.

૫. તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમાં લેતા વગર પાસ પરમીટે દારૂ પી છટકો બની લથડીયા ખાતો હોવા સંદર્ભેનો આક્ષેપ છે આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે દારૂ પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરી, ઝધડો કરી, અસભ્ય વર્તન કરી, અશિસ્ત ભાષા વાપરી કે મારા મારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના કામનો સરકારી અમલદાર ફરીયાદ, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી, ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનુ પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહી. આરોપીનો સમય, ફરિયાદ પક્ષે સરકારી વકીલનો સમય, સરકારી સાહેદનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયીક હુકમ કરવામાં આવે તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલ છે ત્યારે તેણે ગુના કબુલ સંર્દભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને લીટીગન્ટનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં યુટીલાઈઝ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થતઓને ધ્યાને લઈ તેમજ ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નક્કી કરેલી મીનીમમ સજા કરતા ઓછી સજા કરીને મીનીમમ દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનુ હિત જળવાય રહે તેમ હોઈ ઉપરોક્ત સંજોગે ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબ હુકમ કરૂ છુ.

**-હુકમ-**

ક્રિ.પ્રો.કો.કલમ:૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી.પ્રોહી.એક્ટની કલમ: ૮૫(૧)૩ વિગેરે મુજબના ગુન્હા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ. ૫૦૦/- (અંકે રૂ. પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દિન- ૩ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૮ મી માહે ડિસેમ્બર, સને ૨૦૧૮ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ– સુરત
તારીખઃ– ૦૮/૧૨/૨૦૧૮

(હિમાંશુ ચૌધરી)
ત્રીજા અધિક જ્યુડી. મેજી. ફ.ક., સુરત
જજ કોડ નં. જીજે–૦૧૧૮૦